# Bi 121-OLD TESTAMENT

## પાઠ ૪ : કાઈન અને હાબેલ (ઉત્પત્તિ અધ્યાય-૪)

શું તમે માનો છો કે, ઈશ્વર આપણે તેને માટે કંઈ કરીએ કે આપીએ તેની કરતા વધુ આ પણી કાળજી લે છે અથવા આપણો તેમની સાથેનો સંબંધ કેવો છે ? આજનાં આ અભ્યાસ દવારા તમે શીખશો કે, ઈશ્વર પાસે પ્રથમ દાન કોણ લઈ આવ્યું અને પહેલુ ખૂન કયારે થયુ. અહિ આપણે શીખીશું કે, ઈશ્વરને આપણે કંઈ અર્પીએ તે કરતાં તેનાં બાળકો તરીકે આપણી સાથેનાં સંબંધોમાં તેમને વધુ રસ છે.

આગળનાં અભ્યાસક્રમમાં આપણે જોયુ કે, આદમ અને હવાને વસ્ત્ર બનાવવા સારૂ દેવે પ્રાણીનું લોહી વહેવડાવ્યુ. પ્રભુ ઈસુનાં આપણા પાપોનાં પ્રાયશ્ચિતને સારૂ લોહી વહેવડાવવું તથા મરણ પામવુ તે તેની પૂર્વ છાયા દર્શાવે છે. નવા કરારમાંનું હેબ્રીઓનું પુસ્તક એ જૂના કરારની બાબતને દર્શાવે છે. જૂના કરાર અને નવા કરાર વચ્ચેની વિરોધાભાસી પણ જરૂરીયાતવાળી બાબતોને અહિ દર્શાવવામાં આવી છે. આથી આપણે શીખી શકીએ છીએ કે, સર્વ પ્રથમ કુટુંબ એ ઈશ્વરને જાણતુ હતું. હેબ્રીઓનો લેખક આપણને સ્પષ્ટ દર્શાવે છે કે, "લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી." (હેબ્રીઓને પત્ર ૯:૨૨). જૂના કરારમાં પ્રાણીઓનું રકત વહાવડાવવામાં આવ્યુ અને નવા કરારમાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું લોહી દરેક વ્યકિતઓનાં પાપોને માટે વહેવડાવવામાં આવ્યુ આથી હવે પ્રાણીઓનો વધ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. ફરીથી ઉત્પત્તિનાં પુસ્તક તરફ ફરીએ તો "આપણે જોઈએ છીએ કે આદમ અને હવાને પ્રથમ પુત્ર થયો જેનું નામ 'કાઈન' હતુ. ત્યાર પછી સમય જતાં 'હાબેલ' નામનો તેમને બીજો પુત્ર થયો. કાઈન ખેડુત હતો જયારે હાબેલ પ્રાણીઓ મધ્યે કામ કરનાર પુરુષ હતો. ઉત્પત્તિનો લખનાર તે જણાવતો નથી કે, બાળકોનો ઉછેર કેવી રીતે થયો અને તેમનાં માતાપિતાએ તેમને ઈશ્વર વિશેનું કેવુ શિક્ષણ આપ્યું. પણ આપણે જોઈએ છીએ કે, જયારે ઈશ્વર પ્રત્યે યજ્ઞ કરવાનો સમય આવ્યો ત્યારે કાઈન, એક ખેડુત તરીકે ખેતરમાંના પોતાનાં ફળોમાંથી કાંઈ લાવ્યો, જયારે હાબેલ પોતાના પશુઓનાં જૂંડમાંથી પ્રથમ જન્મેલા પશુઓને અર્પણ તરીકે લાવ્યો.

ઈશ્વર હાબેલનાં અર્પણથી ખુશ થયા અને તેને માન્ય કર્યુ; પરંતુ કાઈનનું અર્પણ માન્ય થયુ નહિ. હાબેલનું અર્પણ માન્ય થયુ કેમકે, તે વિશ્વાસ દવારા આપવામાં આવેલું અર્પણ હતુ. હેબ્રુઓનો લખનાર કહે છે કે, "વિશ્વાસથી હાબેલે કાઈનનાં કરતા વધારે સારું બલિદાન દેવને આપ્યું; તેથી તે ન્યાયી છે એવી તેનાં સંબંધમાં સાક્ષી પુરવામાં આવી (હિબ્રૂઓને પત્ર ૧૧:૪).

ઈસુ ખ્રિસ્તના એક શિષ્ય માથ્થી પણ પોતાની સુવાર્તામાં નોંધ કરે છે કે, "ઈસુએ પણ હાબલન ન્યાયી માણસ ઠરાવ્યો" (માથ્થી ૨૩:૩૫) આથી એમ સમજી શકાય કે, કાઈન દવારા આપવા માં આવેલુ અર્પણ એક પર્વ સમાન હતુ, પણ વિશ્વાસ સાથે નહોતુ, તેમજ તે અર્પણમાં લોહી વહેવડાવવામાં આવ્યુ નહોતુ. જયારે માણસ ઈશ્વર પ્રત્યે અર્પણ ચડાવે છે ત્યારે ઈશ્વર પ્રત્યેનો તેનો અભિભાવ એ મહત્વનો બને છ. જયારે કાઈને જોયુ કે તેનું અર્પણ સ્વીકારવામાં આવ્યુ નથી ત્યારે તે ગુસ્સે થયો. આપણે જોઈ શકીએ છીએ કે, કાઈનને શિક્ષણ આપવામાં આવ્યુ હતું છતાં તેને તે વળગી રહયો નહિ. દેવે કહયું "કાઈન શા માટે તું ગુસ્સે થયો છે ? જો તું સાચુ કરે, તો તારુ અર્પણ માન્ય નહિ થશે ? પણ જો તું તેમ ન કરે તો પાપ તારામાં છુપાયેલું છે." તે પાપ તારા હૃદય દ્વારને કોતરે છે, ઉછળે છે અને તારા ઉપર ઘણીપણુ કરે છે. તેનાં બદલે તારે પોતે તેનાં ઉપર કાબુ કરવો જોઈએ.

થોડા દિવસ પછી કાઈને પોતાના ભાઈને છેતર્યો અને કાઈને પોતાના ભાઈને ખેતરમાં જવાનું આમંત્રણ આપ્યું. જયારે તેઓ ત્યાં હતા ત્યારે અચાનક કાઈન પોતાનાં ભાઈને મારી નાખે છે. તે દિવસે મોડેથી ઈશ્વરે કાઈનને પુછયું "તારો ભાઈ કયા છે ?" ઈશ્વર જાણતા હતા કે, શું થયુ છે. પરંતુ તેઓ કાઈનને તેણે કરેલા પાપ માટે પશ્ચાતાપ કરવાની તક આપતા હતા. પરંતુ તેને બદલે કાઈને જૂઠુ કહયુ, અને જણાવ્યુ કે, "હું જાણતો નથી. શું હું મારા ભાઈનો રખેવાળ છું ?" ત્યારે ઈશ્વરે જવાબ આપ્યો કે, કાઈન, તે શું કર્યુ છે ? સાંભળ, તારા ભાઈનું રકત ભૂમિમાંથી મને પોકાર કરે છે. એક ખેડુત તરીકે તેં આ ભૂમિને ચાહી પણ તારા ભાઈનાં રકતને કારણે તે શાપિત થઈ છે. આથી હવે જયારે તું ખેતરમાં કામ કરશે ત્યારે તે તેની ઉત્તમતા તને આપશે નહિ પરંતુ તેને બદલે અથાગ મહેનત કરીને તું અહિ તહિ રખડશે. આથી કાઈન ઈશ્વરની સમક્ષ ઝુકી ગયો અને પોકારી ઉઠયો, "હે દેવ, મારી શિક્ષા ઘણી વધારે છે. તમારી હાજરી તથા મારી જમીન તમે લઈ લીધી છે. હવે હું હેતુ વગરનો તથા બીજાથી જુદો પડયો છું. આથી હવે જે કોઈ મને જોશે તે મને મારી નાખશે." તોપણ કાઈને પોતાનાં કાર્યનો પસ્તાવો કર્યો નહિ. છતાં ઈશ્વરે તેનાં પર દયા કરી અને તેને જીવતો રહેવા દીધો. ઈશ્વરે તેને સારું એક ચિહન ઠરાવ્યુ અને કહય્ કે, "જે કોઈ કાઈનને મારી નાખશે તો તેની પાસેથી સાત ગણો બદલો લેવામાં આવશે." જયારે કાઈને તે સાંભળ્યુ ત્યારે ઈશ્વરની હજુરમાંથી તે દૂર ગયો . કાઈનનો અવિશ્વાસ, ઈર્ષા, છેતરપીંડી, ખૂન, ગુસ્સો, જૂઠ અને સ્વાર્થી પ્રવૃત્તિને કારણે તેનું પરિણામ એ આવ્ય્ કે તે ઇશ્વરથી હંમેશા માટે જુદો થઈ ગયો. સ્વાર્થવૃત્તિ ધરાવનાર વ્યકિત કે જે અવિશ્વાસથી કાર્ય કરે છે અને પોતાની જ વાતો શોધે છે, પોતાની રીતે જ કાર્ય કરે છે તેનું પરિણામ અંતે નાશકારક હોય છે. ઈશ્વર લોકોને આજ્ઞાંકિત થવા કે અનાજ્ઞાંકિત થવા સ્વતંત્ર ઈચ્છાશકિત આપી. પરંતુ તેઓને અનાજ્ઞાંકિત થવા બાબત જવાબદાર ઠેરવવામાં આવે છે.

આ અભ્યાસ દ્વારા આપણે શીખી શકયા કે, ઈશ્વર આપણે શું લાવીએ તેને બદલે કેવા હેતુથી દાન આપવામાં આવે છે તેની તરફ જોવે છે. આપણા હૃદયની ઈચ્છાઓ તથા બીજાઓ સાથેનાં સંબંધોને તે નિહાળે છે. આપણે આપણા પાપો સંબંધી જાગૃત રહેવું જોઈએ. કેમકે, તેથી આપણો નાશ થાય છે. ઈશ્વર તો પણ ચાહે છે કે, આપણે તેનાં પરિણામથી બચીએ. જેઓ પોતાનાં પાપની કબુલાત કરે છે અને ઈસુને પોકારે છે, તેઓ પ્રત્યે દયા અને કૃપા દર્શાવવા તેઓ અત્યારે પણ તૈયાર છે.

આ અભ્યાસ દ્વારા આપણે શીખી શકીએ છીએ કે, આપણા પાપો આપણે ઈશ્વરથી છુપાવી શકતા નથી અને આપણને આપણા પાપો ઈશ્વરથી દૂર લઈ જાય છે. આપણે આપણા પાપો માટે જવાબદાર છીએ.

ચાલો, નીચેનાં પ્રશ્નોનાં ઉત્તરો આપવા દ્વારા આપણે પુનરાવર્તન કરીએ.

પ્ર. ૧ હાબેલનાં અર્પણથી ઈશ્વર ખુશ થયા તે વિશે તમે શું માનો છો ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, – તે સાચી ભેટ લાવ્યો અને વિશ્વાસ સાથે તેણે અર્પણ કર્યું– તો તમે સાચા છો.

પ્ર.૨ કાઈન કોની ઉપર ગુસ્સે થયો ? ઈશ્વર ઉપર કે હાબેલ ઉપર ?

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, – એ ઈશ્વર ઉપર કેમકે ઈશ્વરે તેન દર્શાવ્યુ કે તે અપુરતા વિશ્વાસ સાથે અર્પણ લાવ્યો હતો – તો તમે સાચા છો.

પ્ર.૩ 'તારો ભાઈ કયાં છે ?' કાઈનને આ પ્રશ્ન પુછવા દ્વારા ઈશ્વર શું ઈચ્છતા હતાતે વિશે તમારુ મંતવ્ય જણાવો.

(જ) (૮ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, –ઈશ્વર ચાહતા હતા કે, કાઈન પોતાનાં પાપનો પશ્ચાતાપ કરે તે માટે તેને તક મળે – તો તમે સાચા છો.

પ્ર.૪ કાઈન ઈશ્વરને અનાજ્ઞાંકિત બન્યો પરીણામે ઘણી ખોટી પસંદગીનાં તેણે ભોગ બનવુ પડયું. ત્યાં સુધી કે તેને ઈશ્વરની હાજરીથી દૂર કરવામાં આવ્યો – આ વિશે વિચારો.

તમારા પરિવાર સાથે ઈશ્વરને આપવામાં આવતા અર્પણ વિશે ચર્ચા કરો. પવિત્ર આત્માને વિનંતી કરો કે જે તમારા હૃદયની આત્મખોજ માટે તમને મદદ કરે. શું તમે વિશ્વાસ સાથે તમારુ અર્પણ દેવને માટે લાવો છો ? કે પછી બીજાઓ જુએ એવા હેતુથી તમે દેવને અર્પો છો ? તમારી કેવી વર્તણુકથી દેવ તમને આશીર્વાદ આપશે. પ્રેરીત પાઉલ લખે છે કે – "ખુશીથી આપનારને દેવ ચાહે છે." (૨ કરિંથીઓને પત્ર ૯:૭)

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને

બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યક્તિને આ બાબત કહી શકવા માટે બીજા વ્યક્તિની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુંછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.